ગુજરાત સરકાર
નાણા વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા.૦૩/૧૦/૨૦૧૬

**જાહેરનામું**

ક્રમાંકઃ- (જીએન- ૫૭) જીપીએફ-૧૦૨૦૧૬-૧૮૭-ઝ

નાણા વિભાગના તા.૨૬/૦૬/૨૦૧૩ના જાહેરનામા ક્રમાંકઃ-(જીએન-૦૮) નનમ/૧૦૦૧/૬૯૯/ઝ અન્વયે સામાન્ય ભવિષ્યનિધિ ઉપર તા.૦૧/૦૪/૨૦૧૩થી તા.૩૧/૦૩/૨૦૧૪ સુધી ૮.૭% લેખે વ્યાજના દર નક્કી કરવામાં આવેલ હતા. ભારત સરકારના નાણા મંત્રાલયના આર્થિક બાબતોના વિભાગ દ્વારા તા.૦૧/૦૪/૨૦૧૪ થી તા.૩૧/૦૩/૨૦૧૫તથા તા.૦૧/૦૪/૨૦૧૫ થી તા.૩૧/૦૩/૨૦૧૬ ના સમગ્ર સમયગાળા માટે ૮.૭% દર યથાવત રાખવામાં આવેલ હોઈ રાજ્ય સરકાર દ્વારા પણ ૮.૭% દર યથાવત રાખવામાં આવેલ હતો.

ભારત સરકારના નાણા મંત્રાલયના આર્થિક બાબતોના વિભાગ દ્વારા તા.૦૨/૦૬/૨૦૧૬ તથા તા.૩૦/૦૬/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંકઃ- ૫(૧)બી(પીડી)/૨૦૧૬ અન્વયે સામાન્ય ભવિષ્યનિધિ અને અન્ય સમાન પ્રકારના ફંડો ઉપર તા.૦૧/૦૪/૨૦૧૬ની અસરથી તા.૩૦/૦૯/૨૦૧૬ સુધીના છ માસના સમયગાળા માટે ૮.૧% લેખે વ્યાજ દર નક્કી કરવામાં આવેલ હોઈ,તદ્દનુસાર રાજ્ય સરકારના કર્મચારીઓને પણ સામાન્ય ભવિષ્યનિધિની જમા સિલક ઉપર તા.૦૧/૦૪/૨૦૧૬ થી અન્ય હુકમો કરવામાં ન આવે ત્યાં સુધી ૮.૧% લેખે વ્યાજ દર નક્કી કરવામાં આવે છે. આ હુકમો ૧ એપ્રિલ-૨૦૧૬ થી અમલી ગણાશે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.કે.પટેલ)
નાયબ સચિવ (પેન્શન અને તિજોરી)
નાણા વિભાગ

નકલ રવાના:-

• માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.